**સેશન્સ કેસ નંબર : ૬૪/૨૦૧૫.**

**-:: આંક : ૧ લગત હુકમ ::-**

કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર : ૧૪૦/૨૦૧૨, ઇ. પી. કોડની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૪૨, ૩૬૫ તથા બોમ્બે પોલિસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં કુલ ૯ આરોપીઓ સામે સદર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. સદર કામે આરોપી નંબર : ૨ સંજય તારાસિંગ વાંસફોડા તથા આરોપી નંબર : ૯ રમણભાઇ ઉર્ફે હસમુખભાઇ સુરેશભાઇ વાંસફોડાનાઓ વિરૂદ્ધ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ, જે વોરંટ આરોપીઓ મરણ ગયેલ હોવાના શેરા તથા મરણના દાખલા સાથે પરત આવેલ છે અને તેઓના મરણના દાખલાની તપાસનીશ અધિકારી દ્વારા ખરાઇ પણ કરાવવામાં આવેલ. આમ, આરોપી નંબર : ૨ અને ૯ નાઓ અવસાન પામેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, જેથી આરોપી નંબર : ૨ અને ૯ સામેનો હાલનો સેશન્સ કેસ એબેટ કરવામાં આવે છે અને બાકીના આરોપીઓ સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૩ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૩/૦૩/૨૦૨૫.
**બારડોલી.**

**( રોબિન પી. મોગેરા )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01539